| GJBH020053772020 | કેસ દાખલ તારીખ | ૨૨/૧૦/૨૦૨૦ |
|---|---|---|
| | કેસ ફેંસલ તારીખ | ૧૨/૦૮/૨૦૨૬ |
| | સમયાગાળો | વર્ષ–માસ–દિવસ |
| | | ૦૫ - ૦૯ - ૨૧ |

**<u>ભરૂચના ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, ભરૂચ.</u>**

ફોજદારી કેસ નંબર :૪૫૯૩/૨૦૨૦
આંક: ૨૮

ફરીયાદી: **શ્રી સ ર કા ર**

**વિરૂધ્ધ**

આરોપી : **(૧) વિકાશભાઈ સુરેશભાઈ છગનભાઈ ભાલીયા**
ઉ.વ.૨૨, ધંધો–ખેતીકામ
**(૨) સુરેશભાઈ છગનભાઈ ભાલીયા**
ઉ.વ.૪૪, ધંધો– ખેતીકામ
બંને રહે.સિંકદરપુરા વચલું ફળીયુ, તા.વાઘોડીયા,જી.વડોદરા

---

**સરકારપક્ષે વિ.એ.પી.પી. .................... શ્રી બી.પી.બુઢાણી**
**આરોપીઓપક્ષે તરફે વિ.વ. ................... શ્રી એન.આર.સોલંકી**

---

**ગુનો:–** **<u>ઇ.પી.કો. કલમ–૪૯૮(ક), ૫૦૪,૧૧૪ તથા દહેજ ધારા કલમ–૪ મુજબ...</u>**

**<u>–:: જજમેન્ટ : : –</u>**

**(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત:–** ફરીયાદપક્ષની કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીબેનને આરોપી નં.૧ પતી અને આરોપી નં.ર સસરા થાય છે. ફરીયાદીને લગ્નના સાત માસ પછી તેના પતિ

તથા સસરા હેરાન કરતા હતા અને આરોપી નં.૧ ઝેકુનામની છોકરી સાથે આડા સબંધ રાખતા હોય ફરીયાદી વિરોધ કરતાં ઝઘડો કરી મારઝુડ કરી બંને આરોપીઓએ અરજદારને છોકરો જોઇતો હતો છોકરી આવી છે ખર્ચ પેટે રૂપિયા એક લાખ તારા બાપને ત્યાથી લઇ આવ તેમ કહી છુટાછેડા આપી દેવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી ફરીયાદીને શારીરિક માનસીક ત્રાસ આપી ઇ.પી.કો.કલમ–૪૯૮(ક),૫૦૪,૧૧૪ તથા દહેજ ધારા કલમ–૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કર્યાનો આરોપ છે.

## (૨) પોલીસ કાર્યવાહી :–

આમ, ઉપરોકત હકીકત મુજબની ફરીયાદ ફરીયાદીએ ''**મહિલા**'' પોલીસ સ્ટેશનમાં **ગુના રજી.નં. ૧૧૧૯૯૦૦૨૨૦૦૦૦૭/૨૦૨૦** થી ગુનો દાખલ કરેલ, જે ફરીયાદના કામે તપાસ કરનાર અમલદારશ્રીએ આરોપીઓ વિરુધ્ધની પોલીસ સ્ટેશનમાં ફરીયાદન નોંધાવેલી અને ગુનાની સંપૂર્ણ તપાસ કરી, લાગતા વળગતા સાહેદોનાં નિવેદનો મેળવીને તપાસના અંતે આ કામના આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતા ઉપર મુજબનાં ગુનાની ચાર્જશીટ નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે.

## (૩) કોર્ટ કાર્યવાહી :–

કામે ત.ક.અધિકારીશ્રી દ્વારા આરોપીઓ સામે નામદાર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કર્યા બાદ આરોપીઓને સમન્સ કાઢવામાં આવતા આરોપીઓએ તેમના વિ.વકીલશ્રી મારફત અદાલત સમક્ષ હાજર થતા આરોપીને ભારતીય નાગરીક સુરક્ષ સંહિતા ૨૦૨૩ ની કલમ– ૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે આપી, આરોપી વિરુધ્ધ **આંક–૫** થી તહોમતનામું ફરમાવી, **આંક–૬ અને આંક–૭** થી આરોપીઓની પ્લી નોંધી ગુનો કબુલ છે કે કેમ ? તેમ પુછતાં તેઓએ ગુનો કબુલ ન હોવાનું જણાવતાં, ફરીયાદપક્ષના કેસની કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

**(૪) ફરીયાદ પક્ષ તરફથી નીચે મુજબ માખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.**

| ક્રમ | મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી નેહાબેન સુરેશભાઇ ઠાકોરની જુબાની | ૨૫ |
| ૨ | ફરીયાદ | ૨૬ |

આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઇ પુરાવો આપેલ નથી અને ફરીયાદપક્ષે આંક– ૨૭ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખતાં તેનાં આધારે ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

**(૫) બચાવપક્ષનો પુરાવો:–**

ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં આ કામે આરોપીઓનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવા પુરતો પુરાવો રેર્કડ પર આવેલ ના હોય જેથી આરોપીઓનુ વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી.

**(૬) દલીલો:–**

સદર કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીપક્ષે તર્ફે તેમના વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૭)** ઉપરોકત તમામ હકીકતો**,** ઉભય પક્ષકારો તર્ફે કરવામાં આવેલ દલલો**,** ફરીયાદ તથા રેકર્ડ ઉપર આવેલ પુરાવો વંચાણે લેતા હાલના કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્ધાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્ધાઓ::–**

**મુદ્ધા નં.૧ :–** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે**,**આ કામના ફરીયાદીબેનને આરોપી નં.૧ પતી અને આરોપી

નં.૨ સસરા થાય છે. ફરીયાદીને લગ્નના સાત માસ પછી તેના પતિ તથા સસરા હેરાન કરતા હતા અને આરોપી નં.૧ ઝેકુનામની છોકરી સાથે આડા સબંધ રાખતા હોય ફરીયાદી વિરોધ કરતાં ઝઘડો કરી મારઝુડ કરી બંને આરોપીઓએ અરજદારને છોકરો જોઈતો હતો છોકરી આવી છે ખર્ચ પેટે રૂપિયા એક લાખ તારા બાપને ત્યાથી લઈ આવ તેમ કહી છુટાછેડા આપી દેવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી ફરીયાદીને શારીરિક માનસીક ત્રાસ આપી ઈ.પી.કો.કલમ-૪૯૮(ક),૫૦૪,૧૧૪ તથા દહેજ ધારા કલમ-૪ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે ?

**મુદ્દા નં.૨ :-** શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) **નકારમાં.**

(૨) આખરી હુકમ પ્રમાણે..

## <u>:: કારણો ::</u>

**<u>મુદ્દા નં. ૧ ની ચર્ચા</u>** :-

(૯) આ કામે ફરીયાદપક્ષનાં કેસ મુજબ પક્ષકારો તરર્ફે સદર ગુનાના કામે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કશું બનેલ નહી, જેથી આ કામે ફરીયાદપક્ષનાં કેસ મુજબ પક્ષકારો તરફે સદર ગુનાનાં કામે ઉપર મુજબનો ગુના કર્યાનો આક્ષેપ છે.

(૧૦) ફરીયાદપક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા માટે ફરીયાદી **નેહાબેન સુરેશભાઈ ઠાકોર** તેઓની **આંક-૨૫** જુબાનીમાં જણાવે છે કે, મારા લગ્ન તા.૨૦-૦૪-૨૦૧૭ ના રોજ વિકાસભાઈ શૈલેષભાઈ સાથે થયેલા આ લગ્ન જીવનથી સંતાનમાં એક દિકરી નામે વૈષ્ણવીનો જન્મ થયેલ છે. લગ્ન બાદ અમે મારા પતિ, સાસુ-સસરા, દિયર તથા નણંદના છોકરા સાથે સંયુકત કુટુંબમાં રહતા હતા. લગ્ન બાદ ઘરની સામાન્ય બાબતોમાં આરોપીઓ સાથે અવાર-નવાર બોલાચાલી થતી હતી તેથી તે અંગેની સને ૨૦૨૦માં

ફરીયાદ આપેલી. મને ફરીયાદની કમ્પેર કોપી બતાવવામાં આવે છે જેમાં ફરીયાદી તરીકે મારી સહી ઓળખી બતાવું છું જેને રજુ દાખલ આંક–૨૬ આપવામાં આવે છે. ત્યારબાદ દોઢેક વરસથી અમે ભેગા રહીએ છીએ અને હવે અમારી વચ્ચે કોઇ તકરાર રહેલી નથી. આ સિવાય બીજુ કશું બનેલ નથી. આમ, ફરીયાદી તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદ હકીકતને સમર્થન કરતા ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે અને ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૫૪ અન્વયે ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછવાની પરવાનથી આપવામાં આવેલ છે પરંતુ ઉલટતપાસમાં પણ કોઇ સમર્થનકારી પુરાવો પુરો પાડેલ નથી અને ફરીયાદ કરતા તદ્દન વિરુધ્ધની હકીકત જણાવેલ છે.

આરોપીપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મારે અને આરોપી વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કશું બનેલ નથી. હું છેલ્લાં દોઢ વરસથી પતિ–પત્ની સુખદ જીવન જીવીએ છીએ.

**(૧૧)** આમ, ફરીયાદપક્ષે રજુ થયેલો સમગ્ર પુરાવો વંચાણે લેતા, રેકર્ડ ઉપર તપાસેલ ફરીયાદીની જુબાની જોતા ફરીયાદી પતાની ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય, તેમજ આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સ્વિાય બીજું કાંઇ બનેલ નહી તેમ જણાવેલ છે. આમ, આ સંજોગોમાં ફરીયાદપક્ષ પોતાના કેસની હકીકતો પુરાવર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોય તેમ જણાય આવે છે. આમ, આ કામના આરોપીઓએ શિક્ષાને પાત્ર ગંભીર ગુન્હો કરેલ હોવાના કોઈ જ તત્વો પડેલ પુરાવા ઉપરથી ફલિત થતાં નથી.

**(૧૨)** આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને જયાં સુધી આરોપીઓ સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવુ જોઈએ. વધુમા ફરીયાદપક્ષ આરોપીઓ સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરીયાદ પક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવું જોઈએ.

(૧૩) આમ, ફરીયાદપક્ષે રજુ થયેલો સમગ્ર પુરાવો વંચાણે લેતા, સદર ગુનો આ કામના આરોપીઓએ ગુનો આચરેલ હોવા સંબંધી કોઈ પુરાવો કે લેશમાત્ર હકીકતો રેકર્ડ ઉપર રજુ થયેલ નથી. આ સંજોગોમાં ફરીયાદપક્ષ પોતાનાં કેસની હકિકતો પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોય, જેથી **મુદ્દા નં. ૧** નો જવાબ "**નકારમા**" ઠરાવી **મુદ્દા નં. ૨** પરત્વે ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

**૧.** આ કામના આરોપીઓ **(૧) વિકાશભાઈ સુરેશભાઈ છગનભાઈ ભાલીયા,**ઉ.વ.૨૨, ધંધો–ખેતીકામ,**(૨) સુરેશભાઈ છગનભાઈ ભાલીયા,** ઉ.વ.૪૪, ધંધો– ખેતીકામ, બંને રહે.સિંકદરપુરા વચલું ફળીયુ, તા.વાઘોડીયા,જી.વડોદરાવાળાને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) મુજબ આરોપીઓ સામેના ઈ.પી.કો.કલમ–૪૯૮(ક), ૫૦૪,૧૧૪ તથા દહેજ ધારા કલમ–૪ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી **નિર્દોષ** ઠરાવી છોડી મુકવામાં આવે છે.

**૨.** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૪૩૭(એ) અન્વયે આરોપીઓએ રૂ. ૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા ૬(છ) માસ માટે આપવા.

ઉપરોકત હુકમ આજરોજ તા.**૧૨** જી, માહે **ઓગષ્ટ,** સને **૨૦૨૬** ના રોજ જાહેર કર્યો.

સ્થળ: ભરૂચ. **(ભાવિનકુમાર એન. જોષી)**
તારીખ: ૧૨/૦૮/૨૦૨૬ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ભરૂચ.
કોડ નં. જી.જે.૦૧૨૬૧

//VSS//